# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

### ભગવાનનાં ચરિત્રો કલ્યાણકારી છે

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

અજબ લીલા છે અલબેલાની, હૈયું રાખો હાથ જોને વાતની શરૂઆત કાંઈક આ પ્રમાણે છે. ભગવાનને બિરાજવા માટે ભક્તોએ આંબલીના વૃક્ષોની વચ્ચે હિંડોળો બાંધ્યો છે. વસંત ઋતુની હજુ તો શરૂઆત જ થઈ છે, અને મહારાજ હિંડોળે ઝુલતાં ઝુલતાં, સંતો અને ભક્તોના આનંદ અને ઉત્સાહને વધારતા કહે છે, આ વખતે વસંતનો ઉત્સવ આપણે ડભાણમાં જ કરવો છે. તો હે ભક્તો ! કેસુડા અને ગુલાલનો જથ્થો વહેલાસર તૈયાર રાખજો. ફાગ માટે ધાણી-ખજૂર તૈયાર રાખજો. આ સમયમાં લાભ લેવાનો રહી જશે તો ફરી ક્યારેય નહી મળે. માટે વસંત બધી ઋતુઓમાં રાજા છે. ધરતી ચારે તરફ હરિયાળી હરિયાળી હોય, વૃક્ષો અને વેલીઓ પર સુગંધીદાર જાતજાતના પુષ્પો ખિલ્યાં હોય ત્યારે કવિરાજ દલપતરામ જાતજાતના પુષ્પો ખિલ્યાં હોય ત્યારે કવિરાજ દલપતરામ કવિએ વસંતને કાવ્ય પુષ્પથી વધાવતાં ખરૂં જ કહ્યું છે કે :-

''રૂડો જુઓ આ ઋતુરાજ આવ્યો,
મુકામ તેણે વનમાં જમાવ્યો,
તરૂવરો એ શણગાર કિધો,
જાણે વસંતે શરપાવ દિધો.''

ફુલોથી લચી પડેલા વૃક્ષો જાણે કે માથે પાઘડી બાંધી હોય તેવા શોભી રહ્યાં છે. આવા મનોહર સમયે સંતો અને હરિભક્તોએ કેસુડાનો રંગ તૈયાર રાખ્યો હતો અને ગુલાલના તો કોથળે કોથળા ભરી રાખ્યા હતા. તે મહારાજ સમક્ષ લાવ્યા. પ્રથમ મહારાજે સંતોને પ્રસાદીના ગુલાલનો સ્પર્શ કરાવ્યો. ત્યાર પછી પિચકારી ભરીને હરિભક્તો ઉપર કેસૂડાના રંગથી બધાને રમાડ્યા. અને ઉપર ગુલાલ ઉડાડ્યો. પ્રભુની આ રંગલીલા જોવા આકાશમાં દેવો પણ હાજર હતા. અને દંદુભી અને વાજાં વગાડી પોતે પણ આ લીલાના દર્શન કરી પોતાને ધન્ય ધન્ય માનવા લાગ્યા. ઉત્સવ પૂર્ણ કરી મહારાજ ન્હાવા પધાર્યા. ૨૨ થી ૨૫ ઘડા પાણીથી મહારાજે સ્નાન કર્યું. ભક્તો આ દશ્યને હૈયામાં કંડારી રહ્યા હતા. અને પોતાને ધન્ય માનતા હતા. પછી મહારાજે બધાને ખોબા ભરી ભરીને ખારેક-ખજૂર વગેરે ફગવાની પ્રસાદી આપી. ત્યારબાદ સૌ સંતો ભક્તો સભાના રૂપમાં ગોઠવાઈ ગયા.

એ સમયે મુળજીભાઈ વણિક શ્રીજી મહારાજ પાસે આવ્યા અને પોતાની સાથે ભુજની કનક મઢેલી બિલોરી કાચ જેવી તેજદાર રોજી ઢાલ લાવ્યા હતા. તે પ્રભુના ચરણે સમર્પણ કરી. એ ઢાલની કિંમત ૧૦૦ (સો) કોરી હતી. મહારાજને અર્પણ કરીને બે હાથ જોડી ઉભા રહ્યા. ત્યાં તો મહારાજ ઉભા થયા અને પોતાના કરમકળમાં રહેલી છડીમાંથી ગુપ્તીને ખેંચી કાઢી. બધા વિચારમાં જ પડી ગયા. હવે મહારાજ શું કરશે !! ત્યાં તો બધાના દેખતાં મહારાજે ગુપ્તી વાળો હાથ ઉંચો કર્યો અને એવો તે પ્રહાર તે ઢાલ ઉપર કર્યો કે ગુપ્તી એક આંગળ ઢાલમાં ઉતરી ગઈ. ગુપ્તીને ખેંચી કાઢી અને ફરીથી હાથ ઉંચો કરીને બીજો પ્રહાર કર્યો તેથી ગુપ્તી ચાર આંગળ જેટલી ઢાલમાં ખૂંચી ગઈ અને આટલું ચરિત્ર કર્યા પછી એ પ્રસાદીની ઢાલ પાછી એ મૂળજી ભક્તને આપી દીધી.

એવી મજબુત અને કિંમતી આ ઢાલ હતી કે ગમે તેવા શૂરવીર લડવૈયાના ઘા આવે તો તેની તલવાર કે ગુપ્તી વળી જાય પણ આ ઢાલમાં એક કાપો સરખો પણ ન પડે. આવી મજબુત ઢાલમાં પણ ભગવાને છીદ્રો પાડી દીધા. આવાં અલૌકિક દર્શન કરીને મુળજી વણિક બોલ્યા, ''ધન્ય છે પ્રભુ ! આપની લીલાને, આપના આ ચરિત્રથી અમને ખબર પડી કે તમે તમારા પૂર્વ અવતારોમાં કેવી રીતે, કેટલી તાકાતથી અસુરોનો સંહાર કર્યો હશે અને ધર્મનું સ્થાપન કરવા કેવી શક્તિ વાપરી હશે.'' ધન્ય છે પ્રભુ તારા આ સ્વરૂપનાં દર્શન કરી અમે ધન્ય ધન્ય બની ગયાં.

મિત્રો ! સાકરનું નાળિયેર હોય તેમાંથી કાંઈ બાદ કરવાનું હોતું નથી. આખું નાળિયેર મીઠું મધરૂ અને ઉપયોગી છે. તેમ ભગવાનના ચરિત્રોમાંથી કાંઈ પણ બાદ કરવાનું હોતું નથી. બધાંજ ચરિત્રો કલ્યાણકારી છે. એમ સમજીને જે શ્રવણ, કીર્તન કે વાંચન કરે છે તેનું સદા સર્વદા શ્રેય થાય છે.

●

### ભક્તરક્ષા

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

''भद्धयाह्वाति वातोऽयं सूर्यस्तपति भद्धयात् ।
वर्षतीन्द्रो दहत्यग्नि मृत्युश्चरति भद्धयात् ॥''

ગીતાના આ શબ્દો જાણે સત્ય ચરિતાર્થ થયા હોય તેવી સુંદર વાત છે.

અદ્‌ભુતાનંદ સ્વામીએ લખેલો આ પ્રસંગ ખોલડીયાદ ગામનો છે. ત્યાં એક ભક્ત હતા રૂડાભાઈ. તેમને ત્યાં સ્વામિનારાયણ ભગવાન સ્વેચ્છાએ પધાર્યા. મહારાજ ત્યાં બે દિવસ રોકાયા. બધા ભક્તો આવે, દર્શન કરે. રૂડાભાઈ બધા ભક્તોને જમાડે. બીજે દિવસે સાંજે મહારાજે રૂડાભાઈને બાજુમાં બેસારીને પૂછ્યું અમારું ભજન કરો છો એ બરાબર પણ ઘરની ચિંતા કરો છો કે નહીં? આ દુષ્કાળનું વર્ષ છે.

ઓગણોતેરામાં દુષ્કાળ બહુ ભયંકર હતો. ક્યાંય વરસાદનું ટીપું પડ્યું નહતું. એ વખતે યંત્રયુગ ન હતો. વાહન વ્યવહાર ન હતા કે અન્ય પ્રાંતોમાંથી અનાજ આવે. શક્ય જ ન હતું. કોઈ વેપારી અનાજ લાવીને વેચવા તૈયાર ન થાય. કારણ કે ગાડું ભરીને લાવતો હોય અને રસ્તામાં મારા મારી થાય, ગાડું લૂંટાઈ જાય. આવી દુર્ગમ સ્થિતિ હતી.

શ્રીજી મહારાજ કહે, હે ભક્ત ! શું કરશો ? અનાજ ઘરમાં ભર્યું છે કે નહિ ? મહારાજ ! આખું વરસ ચાલે એટલું નથી. રૂડા ભક્ત ! તમારા ઘરમાં આખા વરસમાં અનાજનો વપરાશ કેટલો ? મહારાજ લગભગ પાંચ કળશી જેટલું અનાજ જાય. પછી મહારાજે પૂછ્યું. ઘરમાં સંગ્રહ કેટલો છે ? એક જ કળશી અનાજ ઘરમાં બચ્યું છે. આટલું અનાજ વપરાય પછી શું કરશો ? આ રૂડા ભક્તનો જવાબ સાંભળજો. મહારાજ મને જરાય ચિંતા નથી. હા, પણ કાંઈક તો કરવું પડશેને ? કરવાનું શું હોય ? અક્ષરધામમાંથી તેડવા આવજો. ત્યાં તો અનાજ ખૂટે તેમ નથી. શ્રીજી મહારાજ હસ્યા. રૂડાભાઈ એક કામ કરો. ઘરમાં દાગીના હોય તો વેચી નાંખો પણ અનાજ લઈ લો. દાગીના ક્યાંથી હોય અમારા ઘરમાં ! રોકડા રૂપિયા હોય તો મોંઘા ભાવનું ક્યાંઈકથી થોડું ઘણું અનાજ લઈલો. મહારાજ, રૂપિયા પણ ઘરમાં નથી.

શ્રીજી મહારાજ કહે, તો એક કામ કરો. અમારી સાથે ચાલો. અને પાછા વળતાં અમે લોયા જઈશું ત્યારે સુરા ખાચરની વાડીમાં કોશ હાંકવાની ભલામણ કરીશું. અને અમારા કહેવાથી જરૂરી વ્યવસ્થા થઈ જશે. મહારાજ ! મને કોશ હાંકતાં નથી આવડતો અમે નાડોદા રાજપૂત છીએ એટલે કોશ હાકવાનું અને લીલીવાડીઓ કરવાનું અમને ન ફાવે. તો પછી કરશો શું આખું વરસ ? મહારાજ કહ્યું તો ખરું. તમે તેડવા આવજો. એક કળશી અનાજ વપરાઈ જાય એટલે તમે તેડવા આવજો. ચાલો અક્ષરધામમાં અને અમે તૈયાર રહીશું. પણ ભગવાનને પોતાના ભકતને જીવાડવા છે.

પછી મહારાજે વળી પૂછ્યું, તમારે ખેતર તો છે. પણ મહારાજ ! મારું પોતાનું નથી. એક દરબારની પચાસ વીધા જમીન છે. એ હું વાવવા રાખું છું. એમાં કાંઈ વાવ્યું છે ? હા, બાજરી વાવી હતી. થોડું ઝાપટું પડ્યું હતું તે બધા એ વાવ્યું એમ મેં પણ વાવ્યું. બાજરી ફૂટી જરાક માંડ આંગળી જેટલી થઈ પણ વરસાદ આવ્યો નહી એટલે સૂકાવા લાગી. બધા ખેડૂતો પોતાના ખેતરમાં હવે ભોયા ખોદવા મંડી ગયા છે. હું પણ જવાનો હતો પણ તમે પધાર્યા છો તો બે દિવસ પછી જઈશ. તમારું ખેતર કેટલે દૂર છે ? મહારાજ અહીંથી ચાણપર ગામને રસ્તે વચ્ચે આવે.

મહારાજ બીજે દિવસે ચાલતા થયા. ગામના ભક્તો બીજા મુમુક્ષુઓ વિદાય આપવા આવ્યા. ભગવાને ઉભે રહીને બધાને વિદાય આપી. અને રૂડા ભક્તને કહ્યું, તમે અમારી સાથે ચાલો. મહારાજ માણકી ઘોડીને ધીમે ધીમે ચલાવતા હતા. અને રૂડા ભગત સાથે વાતો કરતા હતા. રસ્તામાં એક ખેતર આવ્યું. મહારાજ કહે, રૂડા ભક્ત આ શું છે ? મહારાજ ! આ બાજરી જુઓ આ પ્રમાણે સુકાઈ ગઈ છે. મારા ખેતરમાં પણ આવી જ હાલત છે. આ લીલી ન થાય ? થાયને મહારાજ ! જો વરસાદ થાય તો કદાચ ફૂટે.

વાતો કરતાં કરતાં રૂડા ભગતને પોતાની સાથે ત્રણ ગાઉ ચલાવ્યા. એમાં રહસ્ય હતું. ભગવાનનું સાનિધ્ય કલ્પવૃક્ષ સમાન છે. પરમાત્માની સાથે રહેતા શીખીએ તો બધાં દુઃખ ક્ષણમાં દૂર થઈ જાય. અત્યારે આપણે ભગવાનની સાથે રહેવું હોય, ભગવાનની સાથે ચાલવું હોય તો શું કરવું ? આપણે માળા ફેરવીએ, માનસી પૂજા કરીએ. ધૂન્ય કરીએ. કથા સાંભળીએ તો સમજવું એટલો સમય ભગવાનની સાથે બેઠા છીએ અને ભગવાનની આજ્ઞા પાળીએ તો ઠાકોરજીની સાથે ચાલ્યા કહેવાય.

રૂડા ભક્તને જોડે જોડે ચલાવ્યા પછી મહારાજે કહ્યું, આટલું બધું થયું. આટલું તપ કર્યું તમે અમારી સાથે સાથે ચાલ્યા. હવે ઘેર જાવ. રૂડા ભગત ઘેર ગયા. બીજે દિવસે સવારે ચાણપર ગામથી કોઈ ભૂદેવ ખોલડિયાદ આવ્યા. ચાણપરથી ખોલડીયાદના રસ્તામાં જ્યાં રૂડા ભગતે બાજરી વાવેલી એ ખેતર આવ્યું અને તેમાં એકજ ખેતરમાં વરસાદ પડેલો જોયો.

ચાણપરના ભૂદેવે આવીને રૂડા ભગતને કહ્યું, ભગત ! તમે શું કર્યું ? જિંદગીમાં ક્યાંય સાંભળું ન હોય, એવું નજરે જોઈને ચાલ્યો આવું છું. કોઈ શાસ્ત્રમાં, પોથી-પુરાણમાં ન મળે એવી વાત તમારા ખેતરમાં નજરો-નજર દેખાય છે.

તમારા પચાસ વિઘાની જે જમીન છે એમાં વરસાદ થયો છે. પાણી ભર્યા છે. તમારા ખેતરના શેઢાની આજુબાજુના ખેતરમાં છાંટો પણ પડ્યો નથી. ફક્ત તમારા જ ખેતરમાં પાણી ભર્યા છે. ગામમાં વાત થઈ કે રૂડા ભગતના ખેતરમાં વરસાદ થયો છે. એ જોવા આખું ગામ ઉમટ્યું ન મનાય એવી વાત હતી. પણ જોયું તો રૂડાના ખેતરમાં ખૂબ વરસાદ સ્વામિનારાયણ ભગવાને કર્યો છે.

રૂડા ભગતને થયું કે હવે મારે જાણવું પડશે. મહારાજે આટલું કામ કર્યું હવે મારે સાવધાની રાખવી પડે. અને પોતાની પૂજા, ગોદડું ને ઘરવખરી લઈને ખેતરમાં માંચડો બાંધીને રહેવા જતા રહ્યાં. રાત દિવસ ખેતરમાં રહે, ચોકી કરે. સમય થતાં ફૂટફૂટના ડૂંડામાં મોતીના દાણા જેવો બાજરો પાક્યો ! બાજરો વાઢી, ઉપણી સાફ કરી માપ્યો તો બરાબર પાંચ કળશી થયો.

જમીનના માલિક દરબારે આવીને કહ્યું, ભગત મારો ભાગ ? ત્યારે ગામના માણસોએ કહ્યું કે, બાપુ ! રૂડાને તો એના સ્વામિનારાયણ ભગવાને બાજરો આપ્યો છે. એમાં તમારો ભાગ ન હોય. રૂડાએ મહેનત કરીને વાવ્યું હોય તો તમારો ભાગ હોય. આ તો એના ભગવાને વરસાદ કરીને આપ્યું છે. એટલે દરબાર કહે, હું જાણું છું. મારે લેવો ન જોઈએ. પણ મારી જીંદગીમાં આવો બાજરો મેં જોયો નથી. માટે જ પ્રસાદી તરીકે એક જ કળશી લઈશ, વધારે નહીં લઉં.

પાંચ કળશી પાક્યો હતો એમાંથી જમીનના માલિકે એક કળશી લીધો. રૂડા ભગતના હાથમાં ચાર કળશી આવ્યો. અને એક કળશી ઘરમાં હતો. થઈ ગયોને પૂરા પાંચ કળશી ! કોઈનો ભાર ન રાખે મુરારી, રૂડા ભગતે કહ્યું હતું ઘરમાં પાંચ કળશી નો વપરાશ છે. તો ભગવાને પાંચ કળશી આપી દીધો. પરમાત્મા તો કલ્પવૃક્ષને ચિંતામણીની પેઠે પોતાના ભક્તોના મનોરથ સિદ્ધ કરે છે.

જનમંગલમાં ''પ્રભુઃ'' નામ સ્વામિનારાયણ ભગવાન માટે શતાનંદ સ્વામીએ લખ્યું છે. જેમની પાસે સર્વે શક્તિઓ છે. જે સર્વ શક્તિમાન, સર્વ સમર્થ તથા સર્વ સત્તાધીશ છે. એવા ભગવાન ઈચ્છે તો વરસાદ થાય અને ન ઈચ્છે તો વરસાદ ન થાય. પણ ભક્ત રક્ષા માટે પ્રભુ આવી અનેક સામર્થીઓ બતાવે છે જો ભજન કરશો તો ભગવાન સદાય સાથે રહી રક્ષા કરશે.